તમામ સરકારી તેમજ ખાનગી પ્રાથમિક શાળાઓની આંકડાકીય માહિતી અંગે

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:સશઅ/૧૦૦૬/૨૨૦૧/ન.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- 2 SEP 2006

પ રિ પ ત્ર :-

આપ સૌ જાણો છો તેમ પ્રાથમિક શિક્ષણ માટે નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી. તથા એસ.પી.ડી.,એસ.એસ.એ. કામગીરી બજાવે છે. ભારતના સંવિધાને ૬ થી ૧૪ વર્ષના બાળકોને પ્રાથમિક શિક્ષણ મેળવવાનો મૂળભૂત અધિકાર બક્ષેલ છે. બાળકોને પ્રાથમિક શિક્ષણ મેળવવાનો તેમનો મૂળભૂત અધિકાર પ્રાપ્ત થાય તે માટે ઉપર દર્શાવેલ ત્રણેય તંત્રો કામ કરે છે.

પ્રાથમિક શિક્ષણમાં ગુણવત્તા હોવી એ સમગ્ર તંત્રનો મુખ્ય ઉદ્દેશ છે. પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે વિવિધ યોજનાઓનું અમલીકરણ કરવામાં આવી રહયું છે. ગુણવત્તા સુધારવા માટે ભવિષ્યની યોજનાઓ ઘડવા માટે આંકડાકીય માહિતી ખૂબ જરુરી છે. એસ.એસ.એ. અંતર્ગત સમગ્ર રાષ્ટ્રમાં આવી આંકડાકીય માહિતી માટે માનવ સંસાધન અને વિકાસ મંત્રાલયએ NATIONAL INSTITUTE OF EDUCATION FOR PLANNING AND ADMINISTRATION (NIEPA) ના સહયોગમાં એક કોમ્પ્યુટરાઇઝડ સોફટવેર તૈયાર કરેલ છે. જે DISTRICT INFORMATION SYSTEM FOR EDUCATION (DISE) તરીકે ઓળખાય છે. રાજયની તમામ પ્રાથમિક શાળાઓની આંકડાકીય માહિતી (DISE) સોફટવેરમાં ભરવાની હોય છે, જેનાથી આપ સૌ વાકેફ છો. આ કામગીરી સરકારી/પંચાયતી શાળાઓમાં નિયમિત રીતે થઇ રહી છે. પરંતુ માન્ય ખાનગી શાળાઓમાંથી આ માહિતી પર્યાપ્ત માત્રામાં અને ઇચ્છિત પરિપ્રેક્ષ્યમાં આવતી નથી. જે સમગ્ર (DISE) ના રીપોર્ટને બિન અસરકારક બનાવે છે.

આથી ઉપરોકત (DISE) ફોર્મ ભરવામાં સરકારી તેમજ ખાનગી તમામ પ્રકારની પ્રાથમિક શાળાઓના સમાવેશ કરવાનો હોય છે. રાજયમાં આવેલી તમામ પ્રાથમિક શાળાઓની માહિતી (DISE) ફોર્મમાં મળે તો જ સમગ્ર રાજયની શાળાઓમાં ભણતા બાળકોની સંખ્યા, શિક્ષકોની સંખ્યા, શાળામાં ઉપલબ્ધ ભૌતિક સુવિધાઓ, રાજયનો ડ્રોપઆઉટ રેટ GROSS ENROLMENT RATIO (GER), NET ENROLMENT RATIO (NER) વગેરે અંગેની ચોકકસ અને સચોટ માહિતી મળી શકે જો તમામ શાળાઓ તરફથી

...૨...

બોલ આર.કે.

આ મુજબની માહિતી આપવામાં આવે તો જ સમગ્ર રાજ્યનું સાચુ શૈક્ષણિક ચિત્ર મળી રહે અને તેના આધારે ભવિષ્યની વ્યુહરચના ઘડી શકાય.

આથી તમામ સરકારી તેમજ ખાનગી શાળાઓની માહિતી (DISE) ફોર્મમાં ભરાય તે માટે કાળજી રાખવા આથી સૂચના આપવામાં આવે છે. આમછતાં જો કોઇ ખાનગી શાળા (DISE) ફોર્મની માહિતી ન આપે તો આવી શાળા સામે શિક્ષાત્મક પગલા લેવા આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( બી. બી. સ્વૈન )
સચિવ (પ્રા.શિ.)
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન મિશન, સેકટર-૧૭, ગાંધીનગર.
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ ( ડીપીઇપી ની કચેરી મારફત)
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ ( ડીપીઇપી ની કચેરી મારફત)
- તમામ શાસનાધિકારીશ્રીઓ ( ડીપીઇપી ની કચેરી મારફત)
- સેકશન અધિકારીશ્રી, ! ક ! અને ! ચ ! શાખાઓ શિક્ષણ વિભાગ.

ઓલ આર.કે.